જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા..૨૨/૯/૨૦૧૫ મંગળવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૦૮/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી અને ૩૧ વ્યક્તિઓને ઝડપી ૩૦૮ લીટર દેશી દારૂ, ૪૨૧ બોટલ ઇગ્લીશ દારૂ, ૦૧ મોટર સાયકલ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૧,૦૩૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૦૯/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>અપહરણઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૧૦/૧૫</u>**

**ઇસનપુર :** નુસરતબાનુ જાવેદમોહંમદ શેખ (રહે.એમ.એસ.પાનના ગલ્લા પાસેનાં છાપરાં, આયેશાબીબીની ચાલી સામે, ચંડોળા તળાવનાં છાપરાં, ઇસનપુર)એ તા.૨૧/૯/૧૫ નારોજ ઇસનપુર પોલીસે સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૯/૧૫ સવારનાં ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાની પુત્રી રાનીબાનુ (ઉ.વ.૧૫) ને કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.એન.પંડ્યા ચલાવે છે.

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૧૧/૧૫</u>**

**સરદારનગર :** ગૌરંગે વિજયભાઇ ગાગડેકર (રહે.એફ વોર્ડ, બંગ્લા એરીયા રોડ, મોટવાલી બંગલાની બાજુમાં, કુબેરનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૯/૧૫ બપોરનાં ૧/૦૦ થી ૩/૩૦ સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાના ખુલ્લા મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તીજોરીમાંથી સોનાની ચેઇન નંગ-૩, મંગળસુત્ર, ચાંદિનો ઝુડો, ચાંદિનાં કડા અને રોકડ રૂપિયા ૨,૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪,૬૬,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ઝેડ.એમ.સિંધી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વાહનચોરી :-** **સમાચાર યાદી નં.૧૯૧૨/૧૫**

**વસ્ત્રાપુર :** સંજયભાઇ મગનભાઇ દેસાઇ (રહે, ઉમાપાર્ક સોસાયટી, સીલ્વર સ્ટાર સામે, ચાંદલોડીયા) એ તા.૧૦/૯/૧૫ સાંજનાં ૫/૩૦ વાગ્યાના સુમારે મુક્તિધામ એપાર્ટમેંટ, ન્યુયોર્ક ટાવર સેંટરની બાજુમા, એસ.જી.હાઇવે થલતેજ સર્વીસ રોડ નજીક પોતાની સેંન્ટ્રો કાર નંબર જીજે.૦૧.એચ.એલ.૨૯૨૭ કિંમત રૂપિયા ૧,૨૫,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી રાતનાં ૮/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ સંજયભાઇ દેસાઇએ તા.૨૧/૯/૧૫ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જે.ગઢવી ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૧૯૧૩/૧૫**

**વસ્ત્રાપુર :** મંજુલાબેન કનુભાઇ પટોડીયા (રહે,ક્રિષ્ણા વિલેજ, શીલજરોડ) તા.૨૧/૯/૧૫ બપોરનાં ૨/૪૫ વાગે સ્માર્ટ ડેરીના ખાંચામા આવેલ દેવર્ષ એપાર્ટમેંટની સામે રોડ ઉપરથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાનાં) મંજુલાબહેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- ખેંચી તોડી લઇ ગયા હતા. આ અંગેની ફરીયાદ મંજુલાબહેન પટોડીયાએ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જે.ચાવડા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)